Reliance
Industries Limited

# છેતરપિંડી અંગે ચેતવણી

પાછલાં અમુક વર્ષોમાં કોર્પોરેટ છેતરપિંડીની ઘટનાઓમાં ધરખમ વધારો થયો છે અને તેનો વ્યાપ મોટા પ્રમાણમાં વધ્યો છે. છેતરપિંડી કરનારા અમુક લોકો નોકરી શોધતા ભોળા લોકોનો સંપર્ક કરી, તેમને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને તેના જૂથની અન્ય કંપનીઓમાં (સંયુક્ત રીતે 'રિલાયન્સ જૂથ') આકર્ષક નોકરી અપાવવાનું વચન આપતા હોવાની પ્રવૃત્તિ અમારા ધ્યાનમાં આવી છે. સંભવિત અરજદારનો વિશ્વાસ હાંસલ કર્યા પછી આ છેતરપિંડી કરનારાઓ તેમને નોકરીમાં નિયુક્તિ અથવા ઇન્ટરવ્યુ સાથે સબંધિત ફરજીયાત જરૂરિયાતો પૂરી કરવાનો ઝાંસો આપી નિયત બેંક ખાતામાં પૈસા જમા કરાવવા જણાવે છે.

એમની કાર્યપ્રણાલી:

- પહેલીવાર સધારણ રીતે બહુજ **નાની રકમ** માગવામાં આવે છે, જેથી ઉમેદવારને સજાગ કર્યા વગર તેનો વિશ્વાસ જીતી શકાય અને તે નાણા જમા કરાવવા પ્રેરિત થાય.
- એકવાર તે જાળમાં ફસી જાય પછી છેતરપિંડી કરનારાઓ જેમ નિર્ધારિત ઇન્ટરવ્યુ અથવા નિયુક્તિની તારીખ નજીક આવતી જાય તેમ **રકમની માંગણીનું પ્રમાણ વધારતા જાય છે.**
- એવી પણ પ્રવૃત્તિઓ ધ્યાનમાં આવી છે કે જેમાં **લેપટોપ કોમ્પ્યુટર જેવી ઇનિશિયલ સ્ટાર્ટ-અપ કિટ આપવાના બહાને મોટી રકમ માગવામાં આવે છે.**
- નાણાં પડાવવા ઉપરાંત, આ છેતરપિંડી કરનારાઓ સૂચિત અરજીની પ્રક્રિયા દરમિયાન **ખાનગી માહિતી પણ માગે છે.** પછી આ ડેટાને બજારમાં વેચી નાખે છે.

**આ છેતરપિંડીની ચેતવણીના માધ્યમથી અમે નોકરી ઈચ્છુક તમામ સંભવિત ઉમેદવારોને સાવચેત કરવા ઇચ્છીએ છીએ કે રિલાયન્સ જૂથ નોકરી ઇચ્છુક ઉમેદવારને કોઈ પણ સંજોગોમાં, કોઈ પણ કારણસર નાણાં જમા કરાવવાનું ફરમાન કરતી નથી.**

**વધુમાં સૂચિત કરાય છે કે:**

- **રિલાયન્સ જૂથ નોકરી અથવા તેના વતી લાભો અપાવવા માટે કોઈ પણ એજન્ટ, એજન્સી અથવા વ્યક્તિની નિમણુક કરતી નથી.**
- **રિલાયન્સ જૂથ કોઈ પણ નોકરી ઇચ્છુક વ્યક્તિને નોકરી અથવા ઇન્ટરવ્યુ માટે બોલાવવા નાણાંની માંગણી કરતી નથી.**

જો નોકરી ઇચ્છુક કોઈ પણ વ્યક્તિ આવી કોઈ એજન્સી, એમ્પ્લોયમેન્ટ પોર્ટલ અથવા વ્યક્તિ સાથે વ્યહવાર કરશે તો તે વ્યક્તિ પોતાના જોખમે તેવું કરશે અને આવી ગતીવિધીથી થનાર કોઈ પણ પ્રત્યક્ષ કે પરોક્ષ નુકસાન માટે રિલાયન્સ જૂથ જવાબદાર રહેશે નહીં.

ભરતી પ્રક્રિયામાં છેતરપિંડી સંબંધિત કોઈ પણ શંકાસ્પદ ગતિવિધિની જાણ થયે, ફ્રોડ એંડ મીસકંડ્ક્ટ ઇંવેસ્ટિગેશન વિભાગને, recruitment.fraud@ril.com પર સુચિત કરવું આપણાં બન્ને પક્ષોના હિતમાં રહેશે.